# ખેતી નિયામકશ્રીની કચેરી

# કૃષિભવન, ગાંધીનગર.

## અંક શાખા

## પ્રકરણ-૧ પ્રસ્તાવના

- ભારત સરકારશ્રીએ તા.૧૨/૧૦/૨૦૦૫થી અમલમાં આવેલ તે પ્રમાણે માહિતી અધિકાર અધિનીયમ, ૨૦૦૫ની રચના કરેલ છે જે મુજબ ભારતનો કોઇ પણ નાગરિક નિયત ફી ચૂકવી અથવા ગરીબી રેખાથી નીચે જીવતો હોય તો વિના મૂલ્યે સરકારશ્રી પાસેથી માહિતી માગી શકે છે.
- આ પુસ્તિકા દ્વારા ખેતી ખાતાને લગતી માહિતી નાગરિકો મેળવી શકે તે અંગેની વિગત આપવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.
- આ પુસ્તિકા માહિતી મેળવવા ઇચ્છતા ભારતના કોઇપણ નાગરિકને ઉપયોગી નીવડશે.
- આ પુસ્તિકામાં પ્રકરણ ૧ થી ૧૭ માં માહિતી પત્રકવાર અને અથવા મુદ્દાવાર આપવામાં આવેલ છે. સદરહુ માહિતી અધ્યતન કરવામાં આવી રહી છે.
- આ અંગે માહિતી આર.ટી.આઇ.એક્ટ ૨૦૦૫ની ગુજરાતી નકલમાં તેમજ આ અંગેના નિયમો દર્શાવવામાં આવેલ છે. તે મુજબ વ્યાખ્યાઓ ધ્યાને લેવાની રહેશે.
- આ પુસ્તિકામાં ઉપલબ્ધ ન હોય તે માહિતી મેળવવા માટેની કાર્યપધ્ધતિ કઇ માહિતી માગી છે તેના આધારે કહી શકાશે. અરજી પત્રકની ફી રૂ.૨૦.૦૦ છે અને એક પાનાદીઠ માહિતીના રૂ.૨.૦૦ તેમજ સીડી અથવા ફ્લોપીમાં માહિતી માટે રૂ. ૫૦.૦૦ ફી પેટે ચૂકવવાના રહેશે. ગરીબી રેખાની નીચે જીવતા નાગરિકે કોઇપણ પ્રકારની ફી ચૂકવવાની રહેતી નથી પરંતુ પોતે ગરીબી રેખા હેઠળ જીવે છે તે અંગેનો આધાર રજુ કરવાનો રહેશે.

# પ્રકરણ-૨

# શાખાની વિગતો, કાર્યો અને ફરજો

- અંક શાખા ઇકોસ્ટેટ વિભાગની શાખા છે. જેમાં પાક ઉત્પાદન ખર્ચ યોજના, ટાઇમલી રીપોર્ટીંગ સ્કીમ (**TRS**), પાક વિષયક આંકડા સુધારણા યોજના (**ICS**) અને એફવીએમ (ફળ, શાકભાજી અને ગૌણ પાકો) જેવી યોજનાઓ કાર્યરત છે.

૧. <u>પાક વિષયક આંકડા સુધારણા યોજના (ICS):</u>

આ યોજના ભારત સરકારશ્રી દ્વારા ચાલતી 100% કેન્દ્ર પુરસ્કૃત યોજના છે. આ યોજના સને 1973-74ના વર્ષથી ચાલુ કરવામાં આવેલ છે. ઉપરોક્ત યોજનાનો મુખ્ય ઉદ્દેશ ભારત સરકારના નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઇઝેશન તથા રાજ્ય સરકારશ્રીના સહયોગથી સઘન નિરીક્ષણ દ્વારા રાજ્યમાં તલાટીશ્રીઓ દ્વારા રાજ્યના પાક વિસ્તારની નોંધણી સ્થાનિક પત્રક ૭/૧૨ પહાણી પત્રકમાં કરવામાં આવે છે. જેમાં જે ક્ષતી થતી હોય તે બહાર લાવવાનો છે. વધુમાં રાજ્યમાં ગ્રામ સેવકો દ્વારા ગોઠવવામાં આવતા પાક કાપણી અખતરા અંતર્ગત આ યોજના મુજબ પાક કાપણી અખતરાનુ (2.0) કાપણી તબક્કે પ્રત્યક્ષ નિરીક્ષણ કરી ઉત્પાદન અને વિસ્તારમાં ચોકસાઇ કરવાનો હેતુ છે. આ બંન્ને બાબતોમાં ચકાસણી કરી ભવિષ્યમાં થતી ભુલો અટકાવીને ખેતી વિષય આંકડાઓની ચોકસાઇ તથા વિશ્વશનીયતા સુધારવાનો હેતુ છે. આ યોજનામાં ભારત સરકારશ્રી તરફથી લક્ષાંક ફાળવેલ છે. અને ભારત સરકારશ્રીના ધારા ધોરણ તથા ગાઇડ લાઇન અનુસાર કામગીરી કરવામાં આવે છે.

<u>આઈ.સી.એસ યોજના અંગે સમજુતી</u>

- આઈ.સી.એસ. યોજનાએ કેન્દ્ર પુરસ્કૃત યોજના છે.
- ખેતી નિયામકશ્રીની કચેરી તરફથી આઈ.સી.એસ. યોજનાનાં પસંદ ગામોની યાદી આપવામાં આવે છે.
- ગામોની યાદી મળ્યા પછી ખેતી અધિકારીને આ યોજનાની કામગીરી કરવા માટે ઓગષ્ટ, સપ્ટેમ્બર માસમાં વર્કીંગ સીટ (Schedule A.S. 1.0 સેમ્પલીંગ ફ્રેમ) બનાવવાની કામગીરી રહે છે.
- સેમ્પલીંગ ફ્રેમ બનાવવા માટે જે તે ગામના કુલ સર્વે નંબરની યાદી કરી તેની સામે સીરીયલ નંબર આપવામાં આવે છે.
- તેમાંથી વધુમાં વધુ ૨૦ સર્વે નંબર (બ્લોક નંબર) રેન્ડમ પધ્ધતિથી એક ક્લસ્ટરમાં ૫ નંબર મુજબ ચાર ક્લસ્ટર પસંદ કરવાના રહે છે.
- તલાટી કમ મંત્રી તરફથી પહાણી પત્રક ૭/૧૨ લખવાનો સમય પુર્ણ થયા પછી ૧.૦ પત્રકની કામગીરી ખેતીવાડી અધિકારીએ પસંદ (ક્લસ્ટર) નંબરની સ્થળ ચકાસણી કરવાની રહે છે.

<u>પત્રક ૨.૦ **(Sample Check on Crop Cutting Experiments)**ની કામગીરી</u>

- પાક મુલ્યાંકન યોજના(CES) દ્વારા ગોઠવવામાં આવતા પાક કાપણી અખતરાનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરી ૨.૦ પત્રક ખેતી અધિકારીએ ભરી ખેતી નિયામકશ્રીને મોકલી આપવામાં આવે છે.

- ખેતી નિયામકશ્રીની કચેરી દ્વારા ૨.૦ પત્રકની ચકાસણી કરી આ યોજનાના મુખ્ય મથક ફરીદાબાદ મોકલી આપવામાં આવે છે.
- આ યોજનાનું અલગથી સુપરવીઝન કરવામાં આવે છે તથા કાપણી પૂર્ણ થયે તુરતજ કટ-ઓફ ડેટ પ્રમાણે મોકલવાના રહે છે.

## પ્રકરણ-૩

## અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો

## આઇ.સી.એસ. યોજના અંતર્ગતની કામગીરી:-

૧૦૦% કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળ ત્રણેય ઋતું માટે ૨૦% સેમ્પલ સર્વેમાં પસંદ થયેલા ગામોમાંથી કેન્દ્ર સરકારે નક્કી કરેલ ૧.૦ એરીયા એન્યુમરેશન પત્રક તથા ૧.૧ એરીયા એગ્રીગેશન પત્રક માટે ૩૩૦ ગામો પસંદ કરવામાં આવે છે. આ ગામોના રેન્ડમ સેમ્પલીંગથી સર્વે નંબર નક્કી કરી કામગીરીના સુપર્વિઝન માટેનુ આયોજન કરવામાં આવે છે. ૨.૦ પત્રક માટે વર્ષના ૯૯૦ અખતરાનુ સુપર્વિઝન માટેનુ આયોજન કરવામાં આવે છે. આવીજ કામગીરી NSSOના ફિલ્ડ સ્ટાફને આપવામાં આવે છે. રાજ્યના ફિલ્ડ સ્ટાફ તથા NSSOના ફિલ્ડ સ્ટાફની સંયુક્ત મિટીંગની કામગીરીનુ આયોજન તથા તાલીમ ગોઠવવામાં આવે છે. ખરીફ ઋતુમા, રવિ ઋતુંમાં અને ઉનાળુ ઋતુંના પત્રકો અત્રે મળે છે જેની ચકાસણી કરવામાં આવે છે. ફિલ્ડ સ્ટાફ દ્વારા ભરવામાં આવેલ પત્રકો સ્ક્રુટીનાઇઝ કરી નિયત સમયમાં ભારત સરકારે નિયત કરેલ સંસ્થા NSSO ફરીદાબાદ ખાતે મોકલવામાં આવે છે. ફિલ્ડ સ્ટાફ દ્વારા મોકલેલ પત્રકોના સ્ક્રુટીની દરમ્યાન માલુમ પડેલ ક્ષતીઓના નિરાકરણ માટે વિભાગીય તથા ક્ષેત્રીય સ્ટાફ સાથે પત્રવ્યવહાર, પસંદ થયેલા ગામોના ૭/૧૨ નિયત સમયે લખાય તે માટે જેતે જીલ્લાના જીલ્લા વિકાસ અધિકારીશ્રી, વિકાસ કમિશ્નરશ્રી સાથે પત્રવ્યવહાર કરવામાં આવે છે. ૨.૦ પત્રક્ની માહીતી પરથી પાકવાર, વધુ ઉત્પન આપતી જાતવારની માહીતી ઋતુવાર કેન્દ્ર સરકારશ્રીમાં મોકલી આપાવામાં આવે છે. ૧.૦ એરીયા એન્યુમરેશન પત્રકની કામગીરી NSSOના ફિલ્ડ સ્ટાફ સાથે સંયુક્ત સ્થળ ચકાસણી કરવામાં આવે છે. જેમાં તલાટીએ કરેલ ૭/૧૨ તથા ફિલ્ડસ્ટાફની કામગીરીની ચકાસણી કરવામાં આવે છે. જેનુ આયોજન તથા થયેલ કામગીરીનો રીપોર્ટ તૈયાર કરી નિયત સમયમાં ભારત સરકારને મોકલવામાં આવે છે. ગ્રામ સ્તર કરતા ઉપરના લેવલના એરીયા એકત્રીકરણ માટે તાલુકા વિકાસ અધિકારી અને સંયુક્ત ખેતી નિયામક(વિ.) તરફથી મેળવી પાકવાર વિસ્તાર સંકલીત કરી કેન્દ્ર સરકારશ્રીને મોકલવામાં આવે છે.

### મદદનીશ ખેતી નિયામક, વર્ગ-૨ (આઇસીએસ) )- રાજ્ય કક્ષાની જ્ગ્યાની કામગીરી:

- એરીયા એન્યુમરેશન, એરીયા એગ્રીગેશન તેમજ પાક કપણી અખતરાનાં પ્રત્યક્ષ નિરીક્ષણ માટે એન.એસ.એસ.ઓ. તરફથી આપવામાં આવેલ લક્ષ્યાંક મુજબ જીલ્લાવાર, તાલુકાવાર, ખેતીવાડી અધિકારીશ્રીઓ પાસે તાલુકાવાર ખેતીવાડી અધિકારીશ્રીઓ પાસે આયોજન કરાવી નાયબ ખેતી નિયામકશ્રી( ટી.આર.એસ.) ના મુજબ વિભાગીય કક્ષાના ખેતીવાડી અધિકરીશ્રીઓને ગામોની ફળવણી કરવી.

- નાયબ ખેતી નિયામકશ્રીની સુચના મુજબ વિભાગીય કક્ષાના ખેતીવાડી અધિકરીઓ તેમજ એન.એસ.એસ.ઓ.ના સ્ટાફને શીડ્યુલ ૧.૦, ૧.૧, અને ૨.૦ ની સંયુક્ત તાલીમ આપવી.
- રાજ્ય કક્ષાએ તૈયાર કરવામાં આવેલ એરીયા એન્યુમરેશન ૧.૦, એરીયા એગ્રીગેશન ૧.૧ પ્રત્યક્ષ નિરીક્ષણ પાક કાપણી અખતરા ૨.૦ વિભાગીય કક્ષાના ખેતીવાડી અધિકારીઓને ગામોની ફાળવણી કરાવવી તેમજ તેમની પાસેથી ૧૦૦% શીડ્યુલ કટ ઓફ ડેટ માં મેળવી ખેતીવાડી અધિકારીશ્રીઓ પાસે સ્કૃટીની નાયબ ખેતી નિયામકશ્રી (ટી.આર.એસ.) મારફત ફરિદાબાદ મોકલાવવા.
- એરીયા એન્યુમરેશન ૧.૦ માં થી ગામો સ્ટેટ સેમ્પલ અને ૪ ગામો સેંટ્રલ સીમ્પલ તરીકે પસંદ કરી તલાટી એ તૈયાર કરેલી પહાણી પત્રક ૭/૧૨ મુજબ ખેતરમાં જે તે પાકનું વાવેતર છે કે કેમ તેની ચકાસણી સ્થળ પર જઇ કરવી અને તેનો રિપોર્ટ ફરિદાબાદ મોકલવો.
- યોજનાકીય વહીવટી અને નાણાંકીય કામગીરી નાયબ ખેતી નિયામકશ્રી(ટી.આર.એસ.) ની સુચના મુજબ કરવી.

<u>ખેતી અધિકારી(આઇસીએસ)ની ખાતા કક્ષાએ કામગીરીની વિગત-</u>

- કેન્દ્ર સરકાર એન.એસ.એસ.ઓ. અને રાજ્ય સરકારના સ્ટાફ સાથે રહીને ટી.આર.એસ માં પસંદ થયેલા ગામોમાંથી ત્રણેય ઋતું માટે ૧.૦ એરીયા એન્યુમરેશન તથા ૧.૧ એરીયા એગ્રીગેશન માટે ૩૩૦ ગામો પસંદગી રાજ્ય તથા સેન્ટ્રલના સ્ટાફ માટે કરે છે.
- તેવીજ રીતે પાક અંદાજ મોજણી માં નક્કી થયેલ પાક કાપણી અખતરા માંથી ૨.૦ પત્રક માટે વર્ષના ૯૯૦ અખતરાનુ સુપર્વિઝન માટેનુ આયોજન રાજ્ય તથા સેન્ટ્રલના સ્ટાફ માટે કરે છે.
- રાજ્યના ફિલ્ડ સ્ટાફ તથા NSSO ના ફિલ્ડ સ્ટાફની સંયુક્ત મિટીંગની કામગીરીનુ આયોજન કરી તાલીમ આપે છે તથા પત્રકો ભરવામં થતી ક્ષતીઓ અંગે વિગતવાર સમજુતી આપે છે.
- ૧.૦ માં પસંદ થયેલ રાજ્યના ૩૪૦ ગામોની ફીલ્ડસ્ટાફ દ્વારા તૈયાર કરેલ ૨૦ સર્વેનંબરના ક્લસ્ટર વાળી સેમ્પલીંગ ફ્રેમની ચકાસણી વિભાગીય કક્ષાએ કરવા જાય છે.
- રાજ્યના ક્ષેત્રીય ખેતી અધીકારીઓ તરફથી આવતા ૧.૦ એરીયા એન્યુમરેશન અને ૨.૦ ક્રોપ કટીંગના પત્રકોની સ્કુટીની કરી સંબંધીત અધીકારીને આવેલ ક્ષતીની જાણ કરે છે અને પત્રકો એન.એસ.એસ.ઓ. ફરીદાબાદને મોકલે છે.
- ૧.૦ અને ૨.૦ ના પત્રકો ભારત સરકારે નક્કી કરેલ સમય મર્યાદામાં મળી રહે તથા કામગીરી સુદ્રઢ બને તે માટે ક્ષેત્રીય કક્ષાએ અવારનવાર સ્મૃતિપત્રકો પાઠવે છે.
- ખરીફ, રબી અને સમર ઋતુ માટે ડી.એલ.સી. (ડીસ્ટ્રીક્ટ લેવલ કમીટી)નુ આયોજન તથા એચ.એલ.સી.સી. ની કામગીરી સંભાળે છે.
- ભારત સરકારશ્રી, સ્ટેટીસ્ટીકલ અને પ્રોગ્રામ ઇમ્પ્લીમેન્ટેશન મંત્રાલયના નેશનલ સેમ્પલ સર્વે ઓફીસ દ્વારા દર વર્ષે ખરીફ તથા રવિ/સમર સિઝનના રીવ્યુ રીપોર્ટના અનુસંધાનમાં ક્ષતીરહીત કમગીરી થાય તે માટે પત્રવ્યવહાર કરે છે.

## ખેતી અધિકારી(આઇસીએસ)ની ફીલ્ડ કક્ષાએ કામગીરીની વિગત-

- આઇ.સી.એસ. યોજનાની કામગીરી શરૂ કરતા પહેલાં પસંદ થયેલ ગામોની સેમ્પલીંગ ફ્રેમ ગામમાં જઇ તલાટી પાસેના આ રેકર્ડ પરથી ૨૦ સર્વે નંબર પસંદ કરવાની કામગીરી કરે છે.આ સેમ્પલીંગ ફ્રેમ તૈયાર થઇ ગયા પછી ૧.૦ એરીયા એન્યુમરેશનની ૩૪૦ ગામ મુજબ ત્રણ ઋતુના ૧૦૨૦ ગામના પત્રકો સ્થળ પર જઇને માહિતી મેળવી પત્રકો ભરી નિયત સમયમાં ખાતાની કચેરીને મોકલી આપવાની કામગીરી કરે છે.
- તેજ પ્રમાણે ૧.૧ એરીયા એગ્રીગેશનની પણ ૩૪૦ ગામ મુજબ ત્રણ ઋતુના ૧૦૨૦ ગામના પત્રકો તલાટી પાસેથી ગામની તુલવારી મેળવીને પત્રકો ભરીને નિયત સમયમાં મોકલવાની કામગીરી કરે છે.
- વર્ષ દરમિયાન ૯૯૦ પાક કાપણી અખતરાઓનુ સુપરવિઝન કરીને પત્રકો ભરીને નિયત સમયમાં ખાતાની કચેરીને મોકલી આપવાની કામગીરી કરે છે. તદઉપરાંત અંકની તમામ યોજનાઓની કામગીરી પણ કરવાની રહે છે.તેમજ ડી.એલ.સી. ની કામગીરીમાં વર્ષે પસંદ થયેલ જીલ્લાના ૪ ગામોની ડી.એલ.સી. ની કામગીરી કમીટી સથે રહીને કરવાની રહે છે.

## સિનિયર ક્લાર્કની કામગીરી:-

- આઇસીએસ યોજનાનો તાબા હેઠળના જીલ્લાઓના પ્રી બજેટ, ન્યુ આઇટમ તથા યોજનાને લગતા ખર્ચના માસીક અહેવાલ તૈયાર કરવામાં આવે છે તેમાં હેડ ક્લાર્કને મદદ કરે છે તેમજ હેડ ક્લાર્ક તરફથી સોંપવામાં આવતી કમગીરી કરે છે .

## શાખાના અધિકારીઓ અને કર્મચારીઓનું માસીક મહેનતાણું:-

પત્રક -૧

આઇ.સી.એસ યોજનાનું મહેકમ અને પગાર ધોરણ

| અ.નું | જગ્યાનું નામ /પગાર ધોરણ | કુલ મંજુર થયેલ જગ્યા | જગ્યા માટેનું પગાર ધોરણ |
|---|---|---|---|
| | | | |
| ૧ | મદદનીશ ખેતી નિયામક (વર્ગ-૨) | ૧ | ૫૩૧૦૦-૧૬૭૮૦૦ |
| ૨ | ખેતી અધિકારી (વર્ગ-૨),વડુ મથક | ૬ | ૩૯૯૦૦-૧૨૬૬૦૦ |
| વિભાગીય કક્ષા | | | |
| ૧ | ખેતી અધિકારી (વર્ગ-૨) | ૧૬ | ૩૯૯૦૦-૧૨૬૬૦૦ |
| કૂલ | | ૨૩ | |

| અ.નં. | અધિકારી/કર્મચારીનો હોદ્દો | નાણાંકીય સત્તા | વહીવટી સત્તા | અન્ય સત્તા | ફરજો |
|---|---|---|---|---|---|
| ૧. | સંયુક્ત ખેતી નિયામક (એ.સે) | | | | યોજના અમલીકરણ |
| ૨ | નાયબ ખેતી નિયામક (ટીઆરએસ) | | | | યોજના અમલીકરણ |
| ૩. | મદદનીશ ખેતી નિયામક (ટીઆરએસ) | | | | યોજના અમલીકરણ |
| ૪ | ખેતી અધિકારી(ટીઆરએસ) | | | | યોજના અમલીકરણ |
| ૫. | સિનીયર ક્લાર્ક | | | | જીલ્લાઓના પ્રી. બજેટ, ન્યુ આઇટમ તથા યોજનાને લગતા ખર્ચના માસિક અહેવાલ તૈયાર કરવાની કામગીરી |

## પ્રકરણ-૪

## કાર્યો કરવા માટેના નિયમો, વિનિમયો, સૂચનાઓ, નિયમસંગ્રહ અને દફતરો

(૧) ગુજરાત સિવિલ સર્વીસ રૂલ્સ

(૨) સરકારશ્રીના ઠરાવ

(૩) એસ.ઓ.ફાઇલ

(૪) પરિપત્રો

## પ્રકરણ-૫

### નીતિ ઘડતર અથવા નીતિના અમલ સબંધી જનતાના સભ્યો સાથે સલાહ- પરામર્શ અથવા તેમના પ્રતિનિધિત્વ માટેની કોઇ વ્યવસ્થા હોય તો તેની વિગત

-----------નથી----------

## પ્રકરણ-૬

### જાહેર તંત્ર અથવા તેના નિયંત્રણ હેઠળની વ્યક્તિઓ પાસેના દસ્તાવેજોની કક્ષાઓ અંગેનુ પત્રક

--------નથી----------

## પ્રકરણ-૭

### તેના ભાગ તરીકે રચાયેલી બોર્ડ, પરિષદ, સમિતિઓ અને અન્ય સંસ્થાઓનું પત્રક

..........નથી.........

## પ્રકરણ-૮

## જાહેર માહિતી અધિકારીનું નામ, હોદ્દો અને અન્ય વિગતો

- શ્રી કે.એચ.પટેલ
  નાયબ ખેતી નિયામક (ટેબ્યુ)
  રૂમ નં-૪૦૯, અંક શાખા, ઇકોસ્ટેટ વિભાગ,
  ખેતી નિયામકશ્રીની કચેરી, કૃષિભવન,
  ચ-રોડ, સેક્ટર ૧૦-એ,
  સંપર્ક- ૦૭૯-૨૩૨-૫૬૨૦૫

## પ્રકરણ-૯

## નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપધ્ધતિ

૧. નોંધ

૨. મુસદ્દો મંજૂર કરાવવો

૩. અમલીકરણ

૪. નિર્ણય લેનાર અંતિમ સત્તાધિકારી ખાતાના વડા છે.

## નિર્ણય લેવાની સત્તા નીચે મુજબ છે.

ખેતી નિયામક

↑

સંયુક્ત ખેતી નિયામક

↑

નાયબ ખેતી નિયામક

↑

મદદનીશ ખેતી નિયામક

↑

ખેતી અધિકારી

↑

હેડ ક્લાર્ક

↑

સિનીયર ક્લાર્ક

↑

જુનિયર ક્લાર્ક

## પ્રકરણ-૧૦

## અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા

| ક્રમ | અધિકારી અને કર્મચારીનુ નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | શ્રી એમ.બી.પટેલ | સંયુક્ત ખેતી નિયામક (એ.સે.) |
| ૨. | શ્રી પી.એસ.પટેલ | નાયબ ખેતી નિયામક (ટીઆરએસ) |
| ૩. | શ્રી ડી.બી.પટેલ, | મદદનીશ ખેતી નિયામક (આઇસીએસ) |
| ૪ | શ્રી આનલ એલ. પટેલ | ખેતી અધિકારી (આઇસીએસ) |
| ૫. | શ્રી નવિન રાઠોડ | ખેતી અધિકારી (આઇસીએસ) |

## પ્રકરણ-૧૧

## વિનિયમોમાં જોગવાઇ કર્યા મુજબ મહેનતાણાની પધ્ધતિ સહિત દરેક અધિકારીઓ અને કર્મચારીને મળતુ માસિક મહેનતાણુ

| ક્રમ | અધિકારી અને કર્મચારીનુ નામ | પગાર |
|---|---|---|
| ૧ | શ્રી પી.એસ.પટેલ,ના.ખે.નીશ્રી, (ટીઆરએસ) | ૬૭૭૦૦-૨૦૮૭૦૦ |
| ૨. | શ્રી ડી.બી.પટેલ, મ.ખે.નિશ્રી (આઇસીએસ) | ૫૩૧૦૦-૧૬૭૮૦૦ |
| ૩. | શ્રી આનલ એલ. પટેલ, ખે.અધિ. (આઇસીએસ) | ૩૯૯૦૦-૧૨૬૬૦૦ |
| | શ્રી નવિન રાઠોડ, , ખે.અધિ. (આઇસીએસ) | ૩૯૯૦૦-૧૨૬૬૦૦ |
| ૪. | સિનીયર ક્લાર્ક(વર્ગ-૩) | ૩૫૪૦૦-૧૧૨૪૦૦ |

## પ્રકરણ-૧૨

પ્રત્યેક સંસ્થાને ફાળવેલ અંદાજપત્ર- માહિતી શૂન્ય છે.

## પ્રકરણ-૧૩

સહાયકો કાર્યક્રમોના અમલ અંગેની પધ્ધતિ- ---અત્રેની શાખામાથી સહાયની કોઇ યોજના અમલમાં નથી.---

## પ્રકરણ-૧૪

આવેલ રાહતો, પરમિટ કે અધિકૃત મેળવનારની વિગતો

---માહિતી શુન્ય છે.---

## પ્રકરણ-૧૫

કાર્યો કરવા માટે નક્કી કરેલા ધોરણો

નિયત કરેલ સમયમાં નિયત કરેલ પત્રકો મેળવી રીપોર્ટ તૈયાર કરી કેન્દ્ર સરકારશ્રીને મોકલી આપવામાં આવે છે.

## પ્રકરણ-૧૬

## વીજાણુરૂપે ઉપલબ્ધ માહિતી

---માહિતી શુન્ય છે.---

## પ્રકરણ-૧૭

માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સવલતોની વિગતો

૧. નોટીસ બોર્ડ

૨. પ્રો-એક્ટીવ ડીસ્ક્લોઝર

જા.નં./ઇકોસ્ટેટ/આઇસીએસ/RTI/ /૧૯

ખેતી નિયામકશ્રીની કચેરી,
કૃષિભવન, સેક્ટર-૧૦-એ,
ગાંધીનગર
તા. ૨૬/૦૬/૨૦૧૯

પ્રતિ,
જાહેર માહિતી અધિકારી
અને
નાયબ ખેતી નિયામક (ટેબ્યુ)
ખેતી નિયામકની કચેરી
ગુ. રા. ગાંધીનગર

વિષય : જાહેર સત્તામંડળ પ્રોએક્ટીવ ડીસ્ક્લોઝર અદ્યતન કરવા બાબત..
સંદર્ભ : જાહેર માહિતી અધિકારી અને નાયબ ખેતી નિયામક(ટેબ્યુ), ગુ. રા. ગાંધીનગરના
પત્ર જા.નં./ખે.નિ. /ઇકો/આરટીઆઇ/ફા.-૪/૧૦૪૯૩-૯૫/૨૦૧૯ તા. ૧૮/૦૬/૨૦૧૯

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે જાહેર માહિતી અધિકારી અને નાયબ ખેતી નિયામક(ટેબ્યુ), ખેતી નિયામકની કચેરી, ગુ.રા. ગાંધીનગર દ્વારા આર. ટી.આઇ. એક્ટ-૨૦૦૫ હેઠળ આઇસીએસ યોજનાની જાહેર સત્તામંડળોએ પ્રસિધ્ધ કરવાની થતી અદ્યતન માહીતી તૈયાર કરેલ છે. જે આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. જે જાણ થવા સારૂ.
સામેલ: ઉપર મુજબ

નાયબ ખેતી નિયામક(ટી.આર.એસ)
ગુજરાત રાજ્ય, ગાંધીનગર